# વાણી





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનું લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવાં સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# વાણી

**લેખન કાર્ય**

સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૪૨૧

# વાણી


**રજૂકર્તા** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

**પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર-૩૮૨૪૨૧
ફોન નં : ૯૯૨૫૨૩૭૦૦૪
email : ssd@in.smvs.org

**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક પ.પૂ. અ.મુ. સદ્.
શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**આવૃત્તિ** : તૃતીય, જાન્યુઆરી - ૨૦૨૫

**પ્રત** : ૫,૦૦૦ નંગ **કુલ પ્રત :** ૨૦,૦૦૦ નંગ

**મૂલ્ય** : ₹ ૧૬/- **સેવા મૂલ્ય :** ₹ ૧૦/-

**સૌજન્ય** : સુરેશભાઈ ભાઈલાલભાઈ પટેલ - લંડન

હ. દર્શન



# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ

કારણ સત્સંગના પરિવારના દરેક સભ્યોની વાણીમાં વિવેક હોવો અતિ જરૂરી છે. શ્રીજીમહારાજે આપણ સૌને અનાદિમુક્તનું પદ આપ્યું છે. એ પદને અવરભાવમાં શોભાડવા માટે આપણી વાણી નમ્ર, મૃદુ તથા વિનમ્ર હોવી જરૂરી છે.

અનાદિમુક્ત વિશ્વમ્‌માં પ્રવેશ લેતા પહેલાં આપણા કારણ સત્સંગના સમાજના દરેક સભ્યના વાણી પ્રયોગમાં વિનમ્રતા, દિવ્યતા અને શિસ્ત કેળવવી જરૂરી છે. ત્યારે આ પુસ્તિકા આપ સૌ માટે દીવાદાંડીરૂપ બની રહેશે.

માટે સર્વે સમાજને અમારી ખાસ નમ્ર વિનંતી છે કે, આ 'વાણી' પુસ્તિકાના ઓછામાં ઓછા એક પેજનું અવારનવાર વાંચન-મનન કરી તે પ્રમાણે દિવ્યજીવન કરવા પ્રયત્ન કરશે તેના ઉપર મહારાજ, બાપા, ગુરુદેવ ખૂબ રાજી થશે...

એ જ લિ.<br>
સૌનાય દાસાનુદાસ<br>
સાધુ સત્યસંકલ્પદાસજીના<br>
જય સ્વામિનારાયણ...

# પ્રસ્તાવના

**"આંધળાના તો આંધળા હોય."** આ વાણીએ પૂર્વ ભારતનું યુદ્ધ ઊભું થયું અને **"બહેનો અને ભાઈઓ"** આ વાણીના પ્રયોગે ભારતીય સંસ્કૃતિ વિશ્વવ્યાપી બની. જોયું, આ બંને વાણીના જ પ્રયોગ છે. છતાં એક વિસર્જન કરે છે તો બીજું સર્જન કરે છે. ટૂંકમાં, વાણી 'ઘા' પણ બની શકે છે અને 'ઔષધ' પણ બની શકે છે. આથી જ સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે,

**"સમજી વિચારી બોલો અમૃત વેણ જો..."**

સાંપ્રત સમયમાં આજે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, સમાજ સમાજ વચ્ચે અને દેશ દેશ વચ્ચે જે પ્રશ્નો સર્જાતા હોય છે એનું કારણ વાણીમાં રહેલો અવિવેક. આ અવિવેક આપણું વ્યવહારિક જીવન અને આપણું આધ્યાત્મિક જીવન શોભવા દેતો નથી. તેથી વાણીમાં વિવેક હોવો અતિ જરૂરી છે. એ વિવેક આપણા જીવનમાં શાંતિ અને આનંદની અનુભૂતિ કરાવે છે. ઘર-પરિવારમાં, મંદિરમાં તથા જાહેર સ્થળોમાં એક આદર્શ નાગરિક તરીકે, એક આદર્શ ભક્ત તરીકે તથા એક કારણ સત્સંગી તરીકે આપણો વાણી-વ્યવહાર કેવો હોવો જોઈએ ? એની યોગ્ય રીત શીખવવી એ આ પુસ્તિકાનું લક્ષ્ય છે. વાણીમાં વિવેકનું મહત્ત્વ, ફાયદા, ગેરફાયદા, ઉપાયો આદિની સમજૂતી ગુરુજીનાં કૃપાવચનો દ્વારા તેમજ મહારાજ-મોટાપુરુષના જીવનના દિવ્ય પ્રસંગોમાંથી અને અન્ય મહાપુરુષોના દૃષ્ટાંતમાંથી તારવી છે.

આ પ્રસંગ પરથી સ્વજીવનમાં શું લક્ષ્યાર્થ કરવું જોઈએ એવો એક મુદ્દો પણ આપવામાં આવ્યો છે. આશા છે કે આ પુસ્તિકા આપણી વાણીમાં સભ્યતા, ભક્તતા અને દિવ્યતા પ્રગટાવશે.

**– સાહિત્ય લેખન વિભાગ**

# વાણી : એક શિષ્ટાચાર

આપણા જીવનમાં ૮૦% વ્યવહારો બોલવાથી જ થતા હોય છે. વાણી બોલવા માટે દરેક વ્યક્તિ સ્વતંત્ર છે. પરંતુ તેના પરિણામ માટે સ્વતંત્ર નથી. એટલે જ અનુભવીઓએ કહ્યું છે કે, જેમ પાણી ગાળીને વાપરવું તેમ વાણી જોખીને ઉચ્ચારવી. વાણી પાણીની જેમ નહિ, ઘીની જેમ સાચવીને વાપરવી જોઈએ. વાણી પ્રભુએ માનવજાતને આપેલી કીમતી ભેટ છે. આપણે તેનો ઉપયોગ કેવો કરીએ છીએ તે મહત્ત્વનું છે. સુખ અને દુ:ખ વાણીરૂપી સંયોજનની જ નીપજ છે. શ્રીજીમહારાજે સ્વમુખે જીવનમાં વાણીની મહત્તા દર્શાવતાં કહ્યું છે કે,

**“કટુ વચન તે મોટામાં મોટું ઝેર છે. લગારેક કટુ વચન કહે તોપણ તેને દુ:ખનો પાર આવતો નથી. વારંવાર કટુ વચન કહે તેની સહાય શ્રીહરિ (અમે) કરતા નથી. વળી, કટુ બોલનારને મર્યા પછી પણ જશ મળતો નથી. માણસમાત્ર તેને વગોવે છે. નર કે નારી કડવું વચન સુણીને મરે છે. ગરીબ મૂંઝાઈને મરે પણ જે ગરીબ નથી તેને વાણી મારે છે. કટુ ભાષણ એ મર્યા વિનાનું મૃત્યુ છે. અપશબ્દ બોલવામાં જેને લાભ મનાતો હોય તો તે ઠગારો લાભ છે.”**

**– શ્રીહરિચરિત્રામૃતસાગર : ૫/૬૬**

બોલતી વખતે આપણે યાદ રાખવું કે, ‘નહિ બોલાયેલા શબ્દો આપણા ગુલામ છે. જ્યારે બોલાયેલા શબ્દોના આપણે ગુલામ છીએ.’ બોલાયેલા શબ્દો, ફેંકાયેલું તીર, ઉપેક્ષિત તક અને વીતેલી ક્ષણ – આ ચાર વસ્તુ ક્યારેય પાછી આવતી નથી. માટે જ અંગ્રેજીમાં કહેવત છે કે, **‘Think twice before you speak.’** અર્થાત્ ‘બે વાર વિચારીને પછી બોલવું.’

બાળકો સાથે પ્રેમભરી વાણી, સરખી વયના સભ્યો સાથે સ્નેહસભર વાણી અને વડીલો સાથે મર્યાદિત વાણી બોલવામાં આવે તો ઘરના સભ્યો વચ્ચે અરસપરસ

આત્મીયતાનો અતૂટ સેતુ રચાય છે. માટે ઘરમાં શાંતિભર્યું, સુખમય, દિવ્યભાવસભર વાતાવરણ ઈચ્છતા હોઈએ તો સૌપ્રથમ વાણીમાં વિવેક લાવવાની શરૂઆત આપણાથી જ કરીએ. તે માટે આપણી વિચારધારા તથા માનીનતામાં જ્યાં બદલાવ લાવવો ઘટે ત્યાં બદલાવ લાવીએ.

વાણીથી વ્યક્તિની અંદર રહેલા સંસ્કારો પ્રદર્શિત થાય છે. વાણીથી વ્યક્તિનું પાણી મપાઈ જાય છે. ધંધાકીય, વ્યવસાયિક કે અન્ય કોઈ પણ ક્ષેત્રે જેમ જેમ મોભો મોટો થતો જાય તેમ તેમ વાણીમાં નમ્રતા, મર્યાદા, મધુરતા જેવા ગુણોનો વિશેષતઃ આવિર્ભાવ થવો જોઈએ. જો વાણી તોછડાઈભરી હોય, કટાક્ષભરી હોય તો મોભો (સ્ટેટસ) જળવાય નહિ અને વગર પાત્રતાએ અધિકાર મળી ગયો હોય તેવું લાગે. જેની અસર પોતાને તેમજ પોતાની આસપાસના વાતાવરણના દરેક સભ્યને થાય.

કોઈનાથી ભૂલ થાય ત્યારે પરિસ્થિતિને સમજ્યા વિના ક્રોધિત થઈ જઈએ ત્યારે વાણી બેકાબૂ બની જાય છે. અસંયમી વાણી બોલાતી હોય તેવા સમયે જો સામેવાળા સંયમ કેળવી રાખે તો વાંધો ન આવે; નહિતર વાતાવરણ તંગ બની જાય. પછી જ્યારે ક્રોધ શાંત પડે ત્યારે પોતાને જ પસ્તાવો થતો હોય છે. આવેગમાં ને આવેગમાં ન બોલવાના શબ્દો બોલવાથી પ્રશ્નોની પરંપરા ખડી થઈ જાય પછી તેના નિવારણનો કોઈ માર્ગ દેખાતો નથી હોતો. માટે કહેવાયું છે કે, પશુ ન બોલવાથી દુઃખી થાય છે, જ્યારે મનુષ્ય ન બોલવાનું બોલીને દુઃખી થાય છે. અયોગ્ય રીતે બોલાતી વાણી એ જ દુઃખનું મૂળ છે. જ્યારે તે જ વાણીમાં બદલાવ આવી જાય તો સુખનું મૂળ પણ તે જ બની જાય.

જ્યારે સ્વભૂલને પિછાણી વાણીમાં બદલાવ લાવવા માટેના પ્રયાસ થાય ત્યારે તે સન્માનપાત્ર બની શકે છે. પણ જો કોઈની સ્વીકૃતિ ન થાય ને વાણીમાં અવિવેક જ થાય તો તેનું દુઃખ ભોગવવું પડે છે. અહમ્‌માં ચકચૂર બનેલ વ્યક્તિ આંધળી અને બહેરી બની

જાય છે. પોતે કોની આગળ શું બોલી રહી છે તેનું પણ તેને ભાન નથી રહેતું. પછી ભલે તેની આગળ કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય કે ઘરના વડીલ હોય કે સંત. અરે ! કદાચ મોટાપુરુષ એને સમજાવે તોપણ તે સમયે કોઈ સમજણ કામ ન કરે. માટે જ શ્રીજીમહારાજે વિવેક બતાવતાં 'શિક્ષાપત્રી'માં કહ્યું છે કે, "ગુરુનું, અતિશય શ્રેષ્ઠ મનુષ્યનું, વ્યવહારમાં પ્રતિષ્ઠિત મનુષ્યનું, કોઈ વિદ્વાનનું તથા શસ્ત્રધારી મનુષ્યનું ક્યારેય અપમાન ન કરવું." અભાવ-અવગુણ, નિંદા-ટીકાની વાત એ કીચડ છે. તેમાં પથરો ફેંકીશું તો એ કીચડના છાંટા આપણને જ ઊડશે. માટે સદા સાવધાન રહીએ. હંમેશાં મહિમાસભર વાણી બોલીએ.

**"प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः ।**

**तस्मात् तदेव वक्तव्यं वचने का दरिद्रता ॥"**

અર્થાત્ "પ્રિય વાણી બોલવાથી સૌ મનુષ્યો સંતુષ્ટ થાય છે તેથી એવી જ વાણી બોલવી જોઈએ. મધુર વાણી બોલવામાં વળી ગરીબાઈ શું રાખવાની ?" આપણું બોલવાનું એનું એ છે, વાણી એની એ છે; માત્ર બદલવાના છે આપણી વાણીના શબ્દોને. સમજવાનો ને રાખવાનો છે થોડો વિવેક. આપણે જ્યારે કોઈની પણ સાથે વાત કરીએ છીએ ત્યારે એને એ અપેક્ષા જરૂર રહે છે કે એ મને પ્રેમથી બોલાવે, પ્રેમથી મારી સાથે વાત કરે, મારી મર્યાદા રાખે. અને એટલામાં જો એમને સંતોષ થઈ જતો હોય, એ રાજી થઈ જતા હોય તો આપણે શા માટે એવી મધુર વાણી, મીઠી અને સરળ વાણી ન બોલીએ ? શા માટે એવું મર્યાદાભર્યું વર્તન ન કરીએ ?

આવો, આજે આપણે સૌ ભેગા મળીને દૃઢ સંકલ્પ કરીએ કે, મારે મારી વાણીમાં રહેલી ક્ષતિ-ત્રુટિઓને નિવારવી જ છે. મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી, ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી રાજી થાય અને મારા જીવનને દિવ્ય બનાવે તેવી જ વાણી બોલવી છે.

# અનુક્રમણિકા


- વાણી : એક શિષ્ટાચાર........ ૦૫
૧. વાણીનું સામર્થ્ય ................ ૦૯
૨. વાણીનો દોષ .................. ૧૦
૩. વિચારયુક્ત વાણી ............. ૧૧
૪. સત્સંગનું ફળ .................. ૧૨
૫. સકારાત્મક વાણી ............. ૧૩
૬. 'તું'કારો ...................... ૧૪
૭. ખુશામત નહિ પ્રશંસા.......... ૧૫
૮. ઘરથી શરૂઆત ............... ૧૬
૯. નિંદા-કૂથલી.................... ૧૭
૧૦. જીત .......................... ૧૮
૧૧. અહંકારયુક્ત વાણી ........... ૧૯
૧૨. અધૂરો શિષ્ટાચાર.............. ૨૦
૧૩. અતિપ્રયોગી વાણી ............ ૨૨
૧૪. મીઠો વ્યવહાર.................. ૨૩
૧૫. ઘર એક મંદિર................. ૨૪
૧૬. દિવ્યભાવ ..................... ૨૫
૧૭. Sorry .............................. ૨૬
૧૮. માતાપિતાના સંસ્કાર .......... ૨૭
૧૯. એક અભિયાન ............... ૨૮
૨૦. જીભની તાકાત................ ૩૦
૨૧. કારણ સત્સંગની રીત ......... ૩૧
૨૨. વિકલાંગ નહિ દિવ્યાંગ........ ૩૨
૨૩. અભાવના શબ્દો - ઝેર ........ ૩૩
૨૪. ન્યૂટનનો ગતિનો ત્રીજો નિયમ.. ૩૪
૨૫. Thank you ....................... ૩૫
- વ્યવહારિક જીવનમાં
  વાણીનો શિષ્ટાચાર ........... ૩૬

# વાણીનું સામર્થ્ય

**કૃપાવચનમ્ : વાણીમાં બહુ મોટી તાકાત છે. જો વાદ–વિવાદમાં એનો ઉપયોગ કરવામાં આવે તો તાકાત એનું સામર્થ્ય ગુમાવી બેસે છે. અને માત્ર ખુલાસા માટે એનો ઉપયોગ થાય તો એની જાદુઈ અસર ઊભી થાય છે.**

**પ્રસંગમ્ :** સ્વામી વિવેકાનંદ અમેરિકા પ્રવાસમાં ટ્રેનની મુસાફરી કરી રહ્યા હતા. તેઓની બાજુમાં બે અમેરિકન યુવકો બેઠા હતા. તેઓ સ્વામી વિવેકાનંદનો દેખાવ, પહેરવેશ જોઈ અંગ્રેજી ભાષામાં સ્વામીજીની મશ્કરી કરવા લાગ્યા અને અપશબ્દો બોલવા લાગ્યા. પરંતુ સ્વામી વિવેકાનંદ તેમના પર ધ્યાન આપ્યા વગર વધુ એકાગ્રતાથી પુસ્તક વાંચતા રહ્યા.

સ્ટેશન આવતાં સ્વામી વિવેકાનંદે અંગ્રેજી ભાષામાં એક કુલીને સામાન ઉપાડવા માટે જણાવ્યું. સ્વામીજીને અંગ્રેજી ભાષા બોલતા સાંભળી પેલા અમેરિકન યુવકો આશ્ચર્ય પામ્યા, "અરે, આપ અંગ્રેજી જાણો છો ? અમે આપની મશ્કરી કરી, આપને અપશબ્દો કહ્યા છતાં આપ કંઈ બોલ્યા નહીં ?" સ્વામીજીએ અતિશે ઠંડા કલેજે કહ્યું, "તમે જે બોલતા હતા તે હું સાંભળતો હતો ને સમજતોય હતો. તમે જે શબ્દો બોલ્યા એ તો શબ્દોનો નર્યો બગાડ હતો. સામે પ્રતિસાદ આપીને મારે મારા શબ્દોનો અને શબ્દોના સામર્થ્યનો વ્યય કરવો નહોતો." સ્વામીજીની વાણી સાંભળી બંને યુવકો સ્વામીજીના ચરણોમાં નમી પડ્યા.

આમ, વાદ-વિવાદ ટાળી ખુલાસાવાળી વાણી પ્રભાવક બને છે.

**સ્વદર્શનમ્ : વાણીનો ઉપયોગ વાદ–વિવાદ કરવામાં ન કરવો જોઈએ.**

# અધૂરો શિષ્ટાચાર

**કૃપાવચનમ્ : ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે. તેમ મોટેથી બૂમો પાડવી, ઊંચા અવાજે વાતો કરવી, 'તું'કારે બોલાવવા, કટાક્ષ અને તોછડી વાણીથી વ્યવહાર કરવો, અતિશે હાસ્ય-વિનોદ સાથે વાત કરવી એ પણ અધૂરા શિષ્ટાચારની નિશાની છે. મૃદુ, વિવેકી, મીઠા, નમ્ર અને ધીરા અવાજે થતો વાણી-વ્યવહાર એ ખરેખર સત્સંગ કર્યો છે તેનું પ્રતીક છે.**

**પ્રસંગમ્ :** ઈ.સ. ૧૯૮૯માં ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કચ્છ વિચરણાર્થે પધાર્યા હતા. ત્યાંના હરિભક્તો ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનાં આગમનથી, દર્શનથી રાજી થયા.

મોટેરા સંત કથા કરતા હતા. તેઓ ગુરુદેવની સાધુતાથી પરિચિત હતા તથા ગુરુદેવ પ્રત્યે તેમને ગુણભાવ હતો. આથી તેમણે ગુરુદેવને લાભ આપવા પ્રાર્થના કરી. ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને લાભ આપવાની આજ્ઞા કરી.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ લાભ આપવાનું શરૂ કર્યું. આ બધું ચિત્ર જોઈ એક તેજોદ્વેષીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને ઈશારાથી સભામંડપની બહાર બોલાવ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજી પધાર્યા. ગુરુદેવ જેવા બહાર પધાર્યા કે તરત જ તેમણે ગુરુદેવ પ.પૂ. બાપજી સન્મુખ કટુ વચનોનો વરસાદ વરસાવવા માંડ્યો. છતાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ મુખમાંથી એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સભા કરતાં કરતાં આ દૃશ્ય જોઈ રહ્યા હતા. તેઓ તરત જ

સભાને વિરામ આપી ઝડપથી પાછળ પધાર્યા.

ગુરુજીને અણસાર આવી ગયો હતો કે ગુરુદેવ પ.પૂ. બાપજીનું અપમાન થઈ રહ્યું છે. ગુરુજીએ ગુરુદેવને પૂછ્યું કે, ''દયાળુ, તેઓ આપને શું કહેતા હતા ?'' એટલે ગુરુદેવે કહ્યું, ''એ તો ખબરઅંતર પૂછતા હતા અને જમાડીને જજો એમ કહેતા હતા.''

આમ, પોતાની સાથે અપમાનજનક-અવ્યવહારુ વાણી-વર્તન થવા છતાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમના માટે અવગુણની વાત ગુરુજી આગળ ન જ કહી. પોતે સહન કરી લીધું.

**સ્વદર્શનમ્ : કટાક્ષ અને તોછડી વાણીથી વ્યવહાર ન કરવો જોઈએ.**

**જ્ઞાનસત્ર-૧૮ અન્વયે**
**તૃતીય અને ચતુર્થ દિને સંધ્યા સત્રમાં**
**વ્હાલા ગુરુજીએ 'વાણી' વિષય પર આપેલ લાભને**
**સ્કેન કરીને માણીએ...**

**સંધ્યા સત્ર**
**દિન - ૩**

**સંધ્યા સત્ર**
**દિન - ૪**

# અતિપ્રયોગી વાણી

**કૃપાવચનમ્ : ન બોલવાનું બોલવાથી દુઃખ ઊભાં થાય છે તેમ વધુ પડતું બોલવાથી પણ દુઃખી થવાય છે.**

**પ્રસંગમ્ :** એક વધારે પડતો ડાહ્યો શિષ્ય હતો. ગુરુ તેને અવારનવાર કહેતા કે, ‘‘તારી હોશિયારી જ્યાં ત્યાં દર્શાવીશ નહીં.’’

એક વાર તે શિષ્ય એક બહેનને ત્યાં દૂધ લેવા ગયા. ત્યાં ભેંસ બહુ મોટી હતી. શિંગડાં પણ મોટાં હતાં. પણ ડેલીનું બારણું નાનું હતું. દૂધ લીધા પછી તેણે બહેનને કહ્યું : ‘‘એક વાત પૂછું ? આ ભેંસ મરી જાય તો તમે બહાર કેવી રીતે કાઢો ?’’ બહેન તો ખિજાયાં.

લાકડી લીધી ને બોલ્યા : ‘‘મારા રોયા, જે ભેંસનું દૂધ પીવું છે એ જ ભેંસની મરવાની વાતો કરે છે.’’ શિષ્ય તો ભાગ્યો. એક માણસે કહ્યું : ‘‘તમારું દૂધ છલકાય છે.’’

શિષ્યે કહ્યું : ‘‘એ દૂધ નથી છલકાતું. મારું ડહાપણ છલકાય છે.’’

આમ, વધુ બોલનાર વધુ હેરાન થાય. એટલે જ કીર્તનમાં કહ્યું છે ને,

‘‘દુનિયામાં ડાહ્યો ડહાપણમાં દુઃખ પામે.’’

**સ્વદર્શનમ્ : વધુ પડતું કે બિનજરૂરી બોલવું નહીં.**

# માતાપિતાના સંસ્કાર

**કૃપાવચનમ્ : 'વડ એવા ટેટા' એમ 'બાપ એવા બેટા'. જેવી માતાપિતાની વાણી તેવી જ વાણી સંતાનોની બનતી હોય છે. માટે આપણી પાછળની પેઢી માટે પણ આપણી વાણીને સુધારીએ.**

**પ્રસંગમ્ :** વાસણા મંદિરની બાજુના એરિયામાંથી એક પરિવારમાંથી તેમનો બાળક નિયમિત સત્સંગમાં આવતો. તે નિયમિત રીતે મંદિરના કૅમ્પસમાં રમતો. એક વખત તે રમતાં રમતાં બીજા બાળકોને બોલી ગયો : ''મારી નાખીશ; કાપી નાખીશ; ઉડાડી દઈશ...'' ગુરુજી બાળકના આ વચનોને સાંભળી ગયા. ગુરુજીએ બાળકને નિકટ બોલાવ્યો અને પૂછ્યું કે, ''દયાળુ, સત્સંગમાં આવ્યા પછી આવા શબ્દપ્રયોગ આપણે કરાય?'' ત્યારે બાળકે કહ્યું, ''હું શું ખોટું બોલ્યો તે સમજાતું નથી. મમ્મી-પપ્પા આવું જ બોલે છે. તેમ છતાં દયાળુ, રાજી રહેજો. હું આમાં સુધારો કરવાનો પ્રયત્ન કરીશ.'' ગુરુજી રાજી થયા.

ગુરુજી કાયમ વાલીઓને સંબોધતાં એક વાત કહેતા હોય છે કે, **"વડ એવા ટેટા ને બાપ એવા બેટા. તેમ માતાપિતાના સંસ્કારમાંથી જ બાળક શીખતું હોય છે. માટે ઘરમાં સત્સંગને શોભે એવા વર્તન, વ્યવહાર અને વાણીનો પ્રયોગ થવો જોઈએ."**

આમ, ઘરમાંથી બાળક વાણીના પાઠ શીખે છે માટે સંસ્કારસભર વાણીનો પ્રયોગ કરીએ.

**સ્વદર્શનમ્ : ભાવિ પેઢીમાં સંસ્કારો સિંચાય તેવું જ બોલીશ.**

# એક અભિયાન

**કૃપાવચનમ્ : ઘર–પરિવારમાં, સત્સંગમાં બધે સુખિયા રહેવા સ્વજીવનમાં એક અભિયાન ચલાવવું : “સમજી વિચારી બોલીએ અમૃત વેણ જો...” એટલે કે કંઈ પણ બોલીએ તો પહેલું અન્યના સ્થાને બેસી અન્યની લાગણી સમજીને બોલીએ. બીજું, હું આમ બોલીશ તો શું પરિણામ આવશે તથા આવું બોલવાથી મહારાજ અને મોટાપુરુષ મારી પર રાજી તો થશે ને ? આવો વિચાર કરીને બોલીએ. ત્રીજું, વાણીમાં નકારાત્મક શબ્દો નહિ, સકારાત્મક શબ્દોનો જ પ્રયોગ કરીએ.**

**પ્રસંગમ્ :** એક વખત ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે કુવૈત ખાતેના વિચરણ દરમ્યાન એક કરિયાણાના હોલસેલ વેપારી અમરતભાઈની ફૅક્ટરીએ પધાર્યા હતા. તેમની ફૅક્ટરીમાં બસો જેટલા કર્મચારીઓ કામ કરતા હતા. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ થોડી વાર બધાને દિવ્યવાણીનો લાભ આપ્યો.

સભા બાદ બધા કર્મચારીઓના લીડર ઊભા થયા અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને તેમના માલિક અમરતભાઈ વિષે વાત કરતાં કહ્યું, ‘‘અમે બધા તેમને શેઠ નહિ પણ અમરત ફુઆ કહીએ છીએ. તેઓ અમારી સાથે એક પરિવારના સભ્ય હોય તેવી જ રીતે રહે છે. અમને એકે એક કર્મચારીને ખૂબ આદરથી બોલાવે. તેમની વાણી એટલી મૃદુ અને મીઠી છે કે કોઈ એક વખત અહીં નોકરી કરવા માટે આવે તે પછી તેમને બીજે કોઈ વધારે પગાર આપતું હોય તોપણ ન જાય.

એક વખત એક નવા કર્મચારી સીંગદાણાના કોથળા ગોઠવતા હતા. તેમનાથી એક કોથળો

પડી ગયો. આથી સીંગદાણા ઢોળાયા. અમરત ફુઆ ત્યાં જ હાજર હતા. પરંતુ તેઓ તરત હસતાં હસતાં બોલ્યા, 'પાણીનો વરસાદ તો જોયો હતો પરંતુ આજે તો સીંગદાણાનો વરસાદ થયો... કંઈ વાંધો નહિ, હવે ધ્યાન રાખજે.' એટલું બોલી તેમની સાથે રહી સીંગદાણા ભરાવવા માંડ્યા.'' તે સાંભળી ગુરુજી ખૂબ રાજી થયા.

આમ, અન્યના સ્થાને બેસી, સમજી, મીઠી વાણી બોલવાથી સુખદ પરિણામ મળે છે.

**સ્વદર્શનમ્ : ઝેર નીતરે તેવાં નહિ, અમૃત ઝરે તેવાં વેણ બોલીશ.**

મીઠી વાણી, મૃદુ વાણી, છે રાજીપાની કમાણી;
મહિમાથી ભરી, સ્માઈલ આપી, બોલો મીઠી વાણી ...ટેક
થેંક યૂ સૉરીનો ઉપયોગ કરીને, સૌને રાજી કરીએ;
વિનય વિવેક મર્યાદા રાખીને, બોલો મીઠી વાણી ...૦૧
પરિવારમાં ખુશીઓની લ્હાણી, જોઈએ છે સુખ શાંતિ;
અરસપરસ દૂરી દૂર કરવા, બોલો મીઠી વાણી ...૦૨
સામેના સ્થાને બેસી સદા, શબ્દમાળા ઉચ્ચરીએ;
કાતર જેવા મટી સોય જેવા થઈ, બોલો મીઠી વાણી ...૦૩

# વિકલાંગ નહિ દિવ્યાંગ

**કૃપાવચનમ્ : રોડ પર જતા ભિક્ષુકને કદી ભિખારી કહી તરછોડવા નહીં. વિકલાંગને કદી આંધળો, લંગડો, બોબડો એમ ન કહેવું; દિવ્યાંગ કહેવું, દિવ્ય ચક્ષુ કહેવું. વળી, દરેક માટે હતો, ગયો, આવ્યો એવા તોછડા શબ્દને બદલે હતા, ગયા, આવ્યા એવા માનવાચક શબ્દો વાપરવા.**

**પ્રસંગમ્ :** એક વખત વ્હાલા ગુરુજી વિચરણમાં પધારી રહ્યા હતા. રેડલાઈટનું સિગ્નલ આવતાં ગાડી ઊભી રહી. ત્યાં એક ભિક્ષુક ભાઈ ગાડીની બારીના કાચ આગળ આવીને ઊભા રહ્યા ને પૈસા માગવા લાગ્યા. આથી ડ્રાઈવર મુક્તે કહ્યું, ''તમારા જેવા તો કેટલાય ભિખારી આવતા હોય. જાવ અહીંથી...''

ગાડીમાં બિરાજેલા ગુરુજીએ આ વાક્ય સાંભળ્યું. ગુરુજી રાજી ન થયા. એ જ સમયે ગ્રીનલાઈટ થતાં ડ્રાઈવર મુક્તે ગાડી આગળ વધારી. પરંતુ ગુરુજીએ ગાડી પાછી લેવા જણાવ્યું. ગાડી પાછી સિગ્નલ આગળ સાઈડમાં ઊભી રખાવી, ગુરુજીએ ડ્રાઈવર મુક્તને કહ્યું, ''હવે નીચે ઊતરી પેલા ભાઈને શોધી અહીં લઈ આવો.'' ડ્રાઈવર મુક્ત નીચે ઊતર્યા ને પેલા ભાઈને શોધી ગુરુજી પાસે લાવ્યા. ગુરુજીએ તેમની બે હસ્ત જોડી માફી માગી અને ડ્રાઈવર મુક્ત પાસે પણ માફી મંગાવી ઉપદેશ વચન કહ્યાં કે,''કોઈ ભિક્ષુકને ભિખારી ન કહેવું. અંધને આંધળો ન કહેવું. આપણી વાણીમાં વિવેકસભર સંબોધન હોવું જોઈએ.''


આમ, વિકલાંગ કે તરછોડાયેલાને માનથી બોલાવવા એ વિવેક છે.

**સ્વદર્શનમ્ : હંમેશાં કોઈની ખોડ–ખાંપણને લઈ વ્યક્તિનું અપમાન ન કરવું, તરછોડવા નહિ અને તેમના માટે માનવાચક શબ્દો વાપરવા જોઈએ.**

## શું તમારી વાણી તમારું જીવન બદલી શકે ?

વાણીના વિવેક દ્વારા સફળતાના શિખરો કેવી રીતે સર કરી શકાય ?
જીવનમાં આવતી મોટી મુશ્કેલીઓનો ઉકેલ માત્ર 'મીઠા શબ્દો'થી
કેવી રીતે લાવી શકાય?
આ રહસ્યો જાણવા માટે મહારાજ અને મોટાપુરુષોના જીવનના અદ્‌ભુત અને
પ્રેરણાદાયી પ્રસંગોની આ સફરમાં જોડાવો.
આ તો માત્ર એક ઝલક હતી ! પુસ્તકનાં પાનાઓ તો મર્યાદિત છે,
પણ તેમાં સમાયેલું જ્ઞાન અગાધ છે.
આવા અનેક દિવ્ય પ્રસંગો, ગુરુજીના અનુભવસિદ્ધ માર્ગદર્શન અને
જીવનને તેજસ્વી બનાવતી કળાઓ શીખવા માટે
આજે જ આ 'વાણી' પુસ્તિકા વસાવો.

:: પુસ્તક મેળવવાનું સ્થળ ::
SMVS સંસ્થાના તમામ બુક સ્ટોલ ઉપર ઉપલબ્ધ



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી

## ગુરુદેવ પ.પૂ. બાપજી તથા
## ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પરિચય



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને શ્રીજીનું જ કર્તાપણું આદિ અનેક ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમના અલ્પ જોગથી મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થઈ જાય અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય. અવરભાવની ૮૬ વર્ષની ઉંમર સુધી તેઓએ વિશેષત: પંચમહાલ અને સમગ્ર ગુજરાતના અસંખ્ય ગામડાંઓમાં તથા દેશ-વિદેશના અનેક શહેરોમાં વિચરણ કર્યું હતું. હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી હતી. તેઓના દાખડે લાખો સંતો-હરિભક્તોના જીવનમાં પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તમામ કલ્યાણકારી ગુણોને ધારણ કરી અનેરું શિષ્યત્વ શોભાવી રહ્યા છે. તેઓને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રતિમામાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપ્યા : **"ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમો સત્ય કરીશું અને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ. તારા તમામ સંકલ્પો પૂરા થશે. આથી અમે તારું નામ 'સાધુ સત્યસંકલ્પદાસ' રાખીએ છીએ."**

આજે દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તનની સાથે દેહભાવથી પૃથક્ થઈ આત્મભૂમિકાએ અનાદિમુક્તની સ્થિતિ પામી છતે દેહે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સુખ પામવા માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આવી ઉચ્ચ આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ  સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનોમાં પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા સક્રિય રીતે જોડાતી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કાયમ એક વાત કહી છે કે, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય સ્વામિનારાયણ ભગવાનના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે.

એક વખત વ્હાલા ગુરુજી વિચરણમાં પધારી રહ્યા હતા.
રેડલાઇટનું સિગ્નલ આવતાં ગાડી ઊભી રહી.
ત્યાં એક ભિક્ષુક ભાઈ ગાડીની બારીના કાચ આગળ આવીને
ઊભા રહ્યા ને પૈસા માગવા લાગ્યા. આથી ડ્રાઇવર મુક્તે કહ્યું,
“તમારા જેવા તો કેટલાય ભિખારી આવતા હોય. જાવ અહીંથી...”
ગાડીમાં બિરાજેલા ગુરુજીએ આ વાક્ય સાંભળ્યું.
ગુરુજી રાજી ન થયા. એ જ સમયે ગ્રીનલાઇટ થતાં ડ્રાઇવર મુક્તે
ગાડી આગળ વધારી. પરંતુ ગુરુજીએ ગાડી પાછી
લેવા જણાવ્યું. ગાડી પાછી સિગ્નલ આગળ સાઇડમાં
ઊભી રખાવી, ગુરુજીએ ડ્રાઇવર મુક્તને કહ્યું, “હવે નીચે ઊતરી
પેલા ભાઈને શોધી અહીં લઈ આવો.” ડ્રાઇવર મુક્ત નીચે
ઊતર્યા ને પેલા ભાઈને શોધી ગુરુજી પાસે લાવ્યા. ગુરુજીએ
તેમની બે હસ્ત જોડી માફી માગી અને ડ્રાઇવર મુક્ત
પાસે પણ માફી મંગાવી ઉપદેશ વચન કહ્યાં કે,
“કોઈ ભિક્ષુકને ભિખારી ન કહેવું. અંધને આંધળો ન કહેવું.
આપણી વાણીમાં વિવેકસભર સંબોધન હોવું જોઈએ.”
આમ, વિકલાંગ કે તરછોડાયેલાને માનથી બોલાવવા એ વિવેક છે.

SMVS
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા
BG114